નિસ્યંદન

(ગુજરાતી કવિતાનું ઈ–સામયિક)

જૂન-ઓગષ્ટ ૨૦૧૪

વર્ષ –૩ અંક – ૨-૩ સળંગ અંક –૧૪-૧૫



તંત્રી-સંપાદક

યોગેશ વૈદ્ય

પરામર્શક

જનક દવે   સાહિલ   શશિકાંત ભટ્ટ 'શૈશવ'   જિતુ પુરોહિત

*

આ અંકના ફોટો-કલાકાર : ગ્લાદીશ હોઝ (Gwladys Rose)

*

પરિકલ્પના અને સજાવટ : યોગેશ વૈદ્ય

*

પ્રૂફરીડિંગ : જિતુ ત્રિવેદી

*

ટેકનિકલ સહયોગ : ગુંજા વૈદ્ય

*

o 'નિસ્યંદન 'વિશે

o મૂલત: ગુજરાતી કવિતાને વરેલું 'નિસ્યંદન ' અન્ય ભાષાની કવિતા તેમ જ અન્ય કળાઓને પણ સ્પર્શવા ધારે છે .

o લવાજમ –આપનો ઉમળકો અને કાવ્યનિષ્ઠા

o નિસ્યંદન 'આપના ઈ-મેઇલ આઇ.ડી. પર નિયમિત મેળવવા આટલું કરો : અમારી વેબસાઈટ http://yogish.co.in પર જઈ 'નિસ્યંદન' નામક વિભાગમાં સાઈડબારમાં મૂકેલ 'નામાંકન પત્ર'માં વિગત ભરી **submit** કરો.

અથવા

https://docs.google.com/spreadsheet/embeddedform?formkey=dHRQTnYzLVl4YWZmNHpXVF9VS3R4cnc6MQ

કડી પર **Ctrl+Click** કરો. ખૂલેલા ફોર્મમાં વિગત ભરી **submit** કરો.

o આપના સાહિત્યકાર મિત્રો તેમ જ કાવ્યરસિક મિત્રોને 'નિસ્યંદન'ના નામાંકન માટે પ્રેરી 'નિસ્યંદન'ના પ્રસાર માટે મદદરૂપ થવા વિનંતી.

o 'નિસ્યંદન 'માટે આવકાર્ય છે

o અપ્રગટ મૌલિક કાવ્યરચનાઓ તથા કાવ્યાનુવાદ / મીમાંસા. કૃતિ સાથે સાહિત્યકારે પોતાનો ફોટોગ્રાફ પણ જોડવો.

o *અપ્રગટ રચનાઓ જ મોકલશો . બ્લોગ / વેબસાઇટ પર મુકાયેલી પ્રગટ રચનાઓ મોકલવી નહીં .*

o આપની આસપાસ / સંસ્થામાં બનતી સાહિત્યિક ઘટનાઓના સમાચાર / લઘુવૃત્તાંત (ફોટોગ્રાફ તથા વીડિયો ક્લિપિંગ પણ મોકલી શકો.)

o આપના અંગત સંગ્રહમાંથી કાવ્યપઠનની ઑડિયો/વીડિયો ક્લિપિંગ.

o પુસ્તક-પરિચય માટે પુસ્તકની એક નકલ.

o *'નિસ્યંદન'માં પ્રગટ થતા વિચારોની જવાબદારી જે તે કવિ / લેખકની રહે છે.*

o કૃતિના સ્વીકાર / અસ્વીકારનો નિર્ણય એક માસમાં લઈ લેવાય છે.

o અમને મળવાનાં ઠામ-ઠેકાણાં :

o ટપાલ દ્વારા –યોગેશ વૈદ્ય, 'હૃદય કુંજ', યોગેશ્વર સોસાયટી, ૬૦ ફૂટ રોડ, વેરાવળ - ૩૬૨ ૨૬૫ (ગુજરાત) ભારત.

o ઇ-મેઇલ દ્વારા - mryogi62@gmail.com

o વેબસાઈટ - http://yogish.co.in   o બ્લોગ - http://yogesh-vaidya.blogspot.com

o ફેઇસબુક પેઇજ - https://www.facebook.com/Nisyandan

અનુક્રમ

(પૃષ્ઠ નંબર પર ક્લિક કરો અને સીધા ઇચ્છિત પૃષ્ઠ પર પહોંચો, પૃષ્ઠના તળિયે મૂકેલ સંજ્ઞા પર ક્લિક કરી અનુક્રમ પર પરત આવો)

સંપાદકીય
બદલાઈ રહેલાં વલણો – ૪

કુલદીપ કારિયા
બે ગઝલ – ૫

મનોહર ત્રિવેદી
ત્રણ ગઝલ – ૬

ભરત વિંઝુડા
ત્રણ ગઝલ – ૭

સાહિલ
બે ગઝલ – ૮

‘રાજ’ લખતરવી
ગઝલ - ૯

ઉર્વીશ વસાવડા
ગઝલ – ૯

ઇંદુ જોશી
બે કાવ્યો – ૧૦

વંચિત કુકમાવાલા
ગીત -૧૧

જિતુ પુરોહિત
ગઝલ – ૧૧

મેહુલ એ. ભટ્ટ
માફ કરજો પૂર્વજો ! – ૧૨

જિગર જોષી ‘પ્રેમ’
ખાલીપા સાથે પ્રેમ - ૧૨

અશ્વિન મહેતા
દરિયા -૧૫

*

અનુવાદ

કવિ યુસુફ અલ-સાયેઘ; અનુ.: હરીશ મીનાશ્રુ - ૧૩
લોરા કઝિસ્કી; અનુ. યોગેશ વૈદ્ય - ૧૪

*

વાતાયન પીયૂષ ઠક્કર – ૧૬
શ્રદ્ધાંજલિ – ૨૦
આ અંકના ફોટો-કલાકાર – ૨૦
સાહિત્યવૃત્ત – ૨૧
આપના પ્રતિસાદ – ૨૧
આપણી સાહિત્ય-ધરોહર – ૨૨

*

૦ બદલાઈ રહેલાં વલણો



હમણાં બહારગામથી પધારેલા એક જાણીતા કવિના કાવ્ય-પઠનમાં જવાનું બન્યું. ગામલોકોની તાસીરને ધ્યાને લઈને આયોજકોએ કાર્યક્રમ થોડો મોડો જ શરૂ કરવાનું રાખેલ. કાર્યક્રમ પૂર્વઆયોજિત હોઈને તેના પ્રચાર અને નામજોગ નિમંત્રણોની કાર્યવાહી પણ યોગ્ય રીતે થઈ હતી; પણ કાર્યક્રમના નિયત સમયના અડધા કલાક પછી પણ હોલમાં ભાવકો ખૂબ જ પાંખી સંખ્યામાં એકત્રિત થતાં, હું સ્વાભાવિક રીતે જ જરા વિચલિત થવા લાગ્યો. પેલા મહેમાન કવિએ મને કહ્યું "ચિંતા ના કરશો. આટલા ભાવકો વચ્ચે પણ કાર્યક્રમ કરીશું. આ તાસીર અહીંની જ નથી, પૂરા ગુજરાતની છે. " પેલા કવિએ તેમની પૂરી ખેલદિલી સાથે અને ઉત્સાહપૂર્વક દોઢેક કલાક કાવ્યપઠન કર્યું. પ્રશ્ન અહીં કવિઓના આવા સમાધાનનો નથી. પ્રશ્ન આવા આયોજનો પ્રત્યેની આપણી ઉદાસીનતાનો છે.

ક્યારેક એવું લાગે કે જાણે અન્ય સમૂહ-માધ્યમોના વિકાસ પછી કવિતાનો શબ્દ બેકબેંચર બની ગયો છે.સામાન્ય માણસના જીવન-વ્યવહારમાં કવિતા માટે ક્યાંય સ્થાન બચ્યું પણ છે કે નહીં તે ચિંતનનો વિષય લાગે. (ચિંતાનો નહીં ! કેમકે જે શબ્દને બ્રહ્મસ્વરૂપ કહેવાયો છે તે પોતાનો પ્રભાવ આપબળે જ સ્થાપિત કરી દેશે. સમય અને સ્વરૂપ ભલે અત્યારે અસ્પષ્ટ હોય.) એક તરફ કાવ્ય-પઠનોમાં આવી પાંખી હાજરી વરતાય છે; તો બીજી તરફ ફેઈસ બુક પર દર દશમાંથી પાંચ પોસ્ટ કવિતાની હોય છે (ભૂલ-ચૂક લેવી-દેવી..અને કાવ્યપદાર્થની વાત કરે તે બીજા..) ત્યાં પ્રતિષ્ઠિતોથી લઈને નવોદિતોનો મેળો જામ્યો છે. ગઝલ-સંગ્રહોનાં, કાવ્યસંગ્રહોનાં ધાણીફૂટ પ્રકાશનો થઈ રહ્યાં છે. કેટલાંક વ્યક્તિત્વો આપમેળે જ કવિતાના, સાહિત્યના બ્રાન્ડ-એમ્બેસેડર બની રહ્યાં છે. ડિમાન્ડ અને સપ્લાયના વ્યાપારી નિયમ અનુસાર શબ્દ 'શૉકેસ' થઈ રહ્યો છે.જાણે કવિતાનું નવેસરથી રૅપિંગ, બ્રાન્ડિંગ થઈ રહ્યું છે. પુસ્તકમેળાઓના વેચાણના આંકડા સહુને સવાયા ગુજરાતી હોવાનો પોરસ ચડાવે છે. પુસ્તકો વધુ રૂપાળાં અને સુઘડ બન્યાં છે. બેસ્ટસેલર અને બ્લોક-બ્લસ્ટરની પાશ્ચાત્ય વિભાવના આઘે આઘે પણ ક્યાંક આપણા સાહિત્યના બારણે ટકોરા મારી રહી હોય તેવા ભણકારા વાગે છે. ઍવોડ્ર્સ વધ્યા છે. ઍવોડ્ર્સની ધનરાશિ વધી છે. પ્રકાશકોના વ્યાવસાયિક અભિગમને અનુસરતી એક હોશિયાર અને ઉત્સાહી ફોજ કામ કરી રહી છે. જોકે પ્રકાશન માટેના કોઈ પ્રિક્વૉલિફિકેશન અસ્તિત્વમાં રહ્યાંનું જણાતું નથી. નવાં સાધનોએ સંપર્ક અને સંસર્ગની એક નવી જ પણ અનિયંત્રિત દિશા ખોલી આપી છે. મોબાઈલના ચાર ઈંચના પટલે ઘણાં સમીકરણોને બદલી નાખ્યાં છે. અને આ બધું વખોડવા લાયક અને પોલંપોલ પણ નથી જ.

આપણે અને આપણી સાહિત્યિક સંસ્થાઓ આ બદલાઈ રહેલાં વલણો પ્રત્યે કેટલા સંવેદનશીલ છીએ - એ તપાસવું રહ્યું. આ વેગીલાં વલણો વચ્ચે આપણી સહિત્યિક પરંપરાઓની આંગળી ક્યાય છૂટી ન જાય અને આપણા મૂળભુત ઉદ્દેશો વિસરી ન જવાય તે પણ જોવું રહ્યું.

આંખ મીંચી જવાથી રેતીનું તોફાન નિવારી નહીં શકાય.

૦ યોગેશ વૈદ્ય **તારીખ : ૩૧ . ૮ . ૨૦૧૪**

૦ બે ગઝલ



એક

આંખમાં આ કોનું સપનું વાદળું થઈને છવાયેલું રહે છે?
આંખ જો પર્વત નથી તો આંખમાંથી ધોધ થઈને શું વહે છે?

વિસ્તરીને નષ્ટ થાવાનું છે મારે, અર્થ એવો તો નથી ને?
સાવ સાચેસાચું કહી દે કે મને શું કામ તું ખુશ્બૂ કહે છે?

જે સ્થળે રહેતી હતી તું એ હવે તો ડૂબમાં ચાલ્યું ગયું છે
તું ગઈ ને બે ઘડી સૂનું રહ્યું'તું ને હવે આંસુ રહે છે

તું ગઈ, તું આવશે, એ બેય વચ્ચેનો સમય નિષ્પ્રાણ સૂરજ
સૂર્યને ચાંદો ગ્રહે ને, એમ અમને ક્રૂર એકલતા ગ્રહે છે

હું હજી હસતો રહું છું પણ હવે નિર્દોષતા પીગળી ગઈ છે
એટલું સમજી ગયો છું કે અહીં જો એક હસે તો એક સહે છે

૦ કુલદીપ કારિયા





૦ બે

બેસી ગયું ખૂણામાં જીવન કૂદી કૂદીને
થાકી ગઈ રકાબી અવિરત ઊડી ઊડીને

અથવા અપાર દુઃખમાં અથવા અપાર સુખમાં
ભીનો રહે છે પાલવ આંસુ લૂછી લૂછીને

કેવું લખાણ છે આ? કયા ચોકથી લખ્યું છે?
હાંફી ગયું છે ડસ્ટર એને ભૂંસી ભૂંસીને

હું એ જ માનવી છું વાગ્યો હતો તને જે
રેતી બની ગયો છે પથ્થર તૂટી તૂટીને

જયારે હું જીવતો'તો ત્યારે હતો સિગારેટ
આખોય પી ગયો છું ખુદને ફૂંકી ફૂંકીને

૦ કુલદીપ કારિયા

० થાય છે



અસબાબ રાતનો ન કદી નષ્ટ થાય છે
વૃત્તિ પરંતુ સૂર્યની જ સ્પષ્ટ થાય છે

ભાળી નથી જે ચીજ : કહો કોણ મૂલવે?
એનું જ મૂલ્ય કેમ છે જે દૃષ્ટ થાય છે

સામે મળ્યાં, બોલ્યાં નહીં : કિંતુ શહેરને-
મૂંગાં રહ્યાં એ બાબતે બહુ કષ્ટ થાય છે

પુષ્પો ખીલ્યાં તે જોઈને પાવન થતું હૃદય
ને સૂંઘવા જતાં જ મતિ ભ્રષ્ટ થાય છે

બે જણ-તળાવ- સાંજ : પછી શું થયું, ન પૂછ
June કે July ક્યાં કદી August થાય છે.

० મનોહર ત્રિવેદી



० કહો કે ના કહો

સાંજ ઢળવાની હશે, ઢળશે કહો કે ના કહો
રાત પણ પીછો હવે કરશે કહો કે ના કહો

આજ પાલવને જરી છુટ્ટો મૂક્યો છે એમણે
આ હવાનો ગર્વ ઓગળશે કહો કે ના કહો

હોત એ દરિયો તો છોડી દેત એની જીદને
છે નદી : પાછી નહીં વળશે   કહો કે ના કહો

સૂર્યને પોતા મહીં ખેંચી શકે જે તોરથી-
એ જ ઝાકળ ફૂલથી ખરશે કહો કે ના કહો

શ્વાસ થાશે ગુમ એની લેશ પણ ચિન્તા નથી
ચાર ખભ્ભા પણ તરત મળશે કહો કે ના કહો

० મનોહર ત્રિવેદી

० જૂઠું શું કામ બોલે?

હો ટોચ કે સપાટી, જૂઠું શું કામ બોલે?
મારા મલકની માટી જૂઠું શું કામ બોલે?

તમને મળું છું ત્યારે થૈ જાઉં છું હું ઝળહળ
આ દીપ-શી રૂંવાટી જૂઠું શું કામ બોલે?

ખેંચી હતી તે નીંદર એ વાત કોણ માને ?
આંખો આ ઊંઘરાટી જૂઠું શું કામ બોલે?

કહેતાં હતાં પડોશી : હોંશે જમાડનારે-
સૌ ચીજ વેચી-સાટી : જૂઠું શું કામ બોલે?

આઠે પ્રહર પસીને તર હોય પ્રાર્થનાઓ :
એની જ દાલ-બાટી જૂઠું શું કામ બોલે?

० મનોહર ત્રિવેદી

૦ અધૂરો

થયો રોમાંચ પણ કેવો અધૂરો
નહીં મીઠો કે તીખો કે ન તૂરો

કઠણ જેવાં હતાં એવાં નથી એ
કરી નાંખ્યો છે સોપારીનો ચૂરો


શરૂ ક્યાંથી થયો છું, કોણ જાણે
થવાનો કોણ જાણે ક્યાંક પૂરો

મને શબ્દો જ મારી નાંખવાના
બતાવે છે મને શું કામ ધૂરો

હું સારા માણસો વચ્ચે ઊભો છું
પછી હોઈ શકું હું કેમ બૂરો

અને છે સ્વાદ એકાધિક એના
ઘડી મીઠો ઘડી તીખો ને તૂરો

૦ ભરત વિંઝુડા





૦ કહી દેશે

મનને પૂછો તો મન કહી દેશે
કોણ છે પ્રિયજન કહી દેશે

મારું આખું જીવન કહી દેશે
બે'ક પળનું વજન કહી દેશે

મુખ્ય જે હોય તે કહું છું હું
અન્ય બાબત સ્વજન કહી દેશે

ભીતરેથી શું જાણવું એમાં
જે હશે એ નયન કહી દેશે

તું ભલે ને કશું કહે જ નહીં
પણ રચાતાં કવન કહી દેશે

કઈ તરફથી સુગંધ આવે છે
ક્યાં છે તેઓ, પવન કહી દેશે

૦ ભરત વિંઝુડા

૦ સ્થિર થા !

જોઉં છું હું એ જગામાં સ્થિર થા
મારી આંખોના ખૂણામાં સ્થિર થા

કાલ્પનિક હે કલ્પનામાં સ્થિર થા
રણની વચ્ચે ઝાંઝવામાં સ્થિર થા

કાંચળી કાઢી સરકવું ઠીક નહિ
આવ તું મારી ભૂજામાં સ્થિર થા

અવનવા આવ્યા કરે છે કાં વળાંક
હું લખું જો તું કથામાં સ્થિર થા

કઈ જગાએ હું તને શોધું કહે
તું જરા તારાપણામાં સ્થિર થા

હું ઝુલાવીને કરું અસ્થિર પણ
બે ઘડી તો તું ઝૂલામાં સ્થિર થા

૦ ભરત વિંઝુડા

ο ગઝલ

આ ફરી રહેલા સમય વિષે મને કૈં ખબર નથી દોસ્તો,
હું પડ્યો છું કિન્તુ પતન વિષે મને કૈં ખબર નથી દોસ્તો.

મને છે ખબર બસ એટલી- એ જીવન સ્વયં મેં જીવેલું છે
વધુ કૈં વિતેલાં જીવન વિષે મને કૈં ખબર નથી દોસ્તો

તમે શત્રુઓ વિષે પૂછો તો હું તમામ માહિતી દઈ શકું
પરંતુ સદાના સ્વજન વિષે મને કૈં ખબર નથી દોસ્તો

રહ્યો હેમખેમ –પહાડ તૂટ્યા મુસીબતોના શિરે છતાં
કર્યા કોણે કેવાં જતન- વિષે મને કૈં ખબર નથી દોસ્તો

જો ઝરૂખે હોય તો શુભ-શુકન, જો ન હો ઝરૂખે તો અપશુકન
વધુ અપશુકન કે શુકન વિષે મને કૈં ખબર નથી દોસ્તો

મેં સમયની આંખમાં રંગ પૂર્યા પતંગિયાની પીંછી વડે
છતાં કલ્પનાના વહન વિષે મને કૈં ખબર નથી દોસ્તો

અહીં આવ્યાં એમની ઈચ્છાસર જવાનુંય એમની ઈચ્છાસર,
બીજા આગમન કે ગમન વિષે મને કૈં ખબર નથી દોસ્તો

ο સાહિલ







ο ગઝલ

જો આ કાચબાઈ જમાત સ્વપ્નમાંયે ગતિ સુધી પ્હોંચશે
તો જરૂર બાદ થયેલ રાશિ ફરી વદી સુધી પ્હોંચશે

હજી આમ આદમી કલ્પનાનાં સુખો મહીં છે રચ્યો પચ્યો,
પથારીમાં પડતાં જ પળ મહીં ઊડતી પરી સુધી પ્હોંચશે

આ નિયમ તો છે મૂળે કુદરતી, નથી એમાં કંઈયે અજૂગતું
ગમી જ્યારે હદથી વધી જશે તો સ્વયં ખુશી સુધી પ્હોંચશે

તમે એની આંખમાં વ્હેતા વારિનું ચિત્ર બસ ચીતરી જુઓ,
તો તરસ તરત પછી આપમેળે સીધી નદી સુધી પ્હોંચશે

દૂરી હાથેવેંતની છે છતાં સહુની નજરમાં છે સંશયો,
કહો ક્યારે રણના નિવાસીઓ દરિયા-દિલી સુધી પ્હોંચશે

આ જગતના લોકની દક્ષતા હજી એક-મેકને પૂછે છે
અહીં જીવવાનો રિવાજ શું ફરી જિંદગી સુધી પ્હોંચશે.

મેં સ્વીકાર્યો ‘સાહિલ’ સાથ શબ્દનો ત્યારે ક્યાં હતી કંઈ ખબર,
સીધા-સાદા લાગતા શબ્દ પળમાં પયમ્બરી સુધી પ્હોંચશે !

ο સાહિલ





૦ ગઝલ

ના તમસની હું બીક રાખું છું
સૂર્ય જેવું નસીબ રાખું છું.


હું દિવસની ગઝલ લખું ત્યારે,
રાત જેવી રદીફ રાખું છું.

હોઉં હું બાદશાહ જ્યારે પણ,
નામ ત્યારે ફકીર રાખું છું.

મોતીનું ઘર નથી ફકત સાગર,
આંખમાં હુંય છીપ રાખું છું.

‘રાજ’ પીડા પ્રગટ નથી કરતો,
હું ગળામાં જ ચીસ રાખું છું.

૦ ‘રાજ’ લખતરવી



૦ ગઝલ

દોસ્ત સૂરજ થાવ તો ઊગવું ને આથમવું પડે.
હો શિયાળો કે ઉનાળો આભમાં તપવું પડે

આપણી ઇચ્છાઓ સર્જે એક માયાવી હરણ
ને પછી એની જ પાછળ રાત દી ભમવું પડે

પાંપણોમાં એટલી ક્ષમતા નથી રોકી શકે
અશ્રુ આવે આંખમાં તો ગાલ પર દડવું પડે

છે ઘણાં અદૃશ્ય છિદ્રો આપણાં આ પાત્રમાં
રોજ ખાલી થઈ જતું ને રોજ એ ભરવું પડે

શાપ થઈ જાશે કવિતા એ ક્ષણે જયારે કોઈ
હાથમાં આપી કલમ લખવા કહે, લખવું પડે

૦ ઉર્વીશ વસાવડા



೦ બે કાવ્યો



સ્મરણ

તને યાદ કરું છું
અમસ્તા જ કે બપોરે
હું ઘેરથી નીકળી ત્યારે
તું સૂતો હતો ને
છોકરાં મને ‘આવજો’ કહેવા
બહાર આવેલાં, એવું.
તને ફરીથી સવારે યાદ દેવડાવેલું કે
હું મમ્મીને ત્યાં જવાની – ત્યારે
તું કમ્પ્યૂટર પર બેઠેલો ને
કી-બોર્ડ પર ફરતી તારી આંગળીઓ
અટકી પડેલી તે ગમેલું.
પછી હું રસોડામાં કામ કરતી હતી ત્યારે
તેં કમ્પ્યૂટર છોડી, ખાલી ખાલી આમતેમ ફરી,
કશું કહેવા ઇચ્છેલી વાતને,
માટલા પાસે આવી પાણી પીતાં
ગળે ઉતારી દીધેલી.
કૂકર ખોલીને દાળ બફાઈ છે કે નહીં
તે જોવાનો ઢોંગ કરતી હું,
ઘડીકમાં નજીક ને ઘડીકમાં દૂર થતી
તારી હરફર સૂંઘતી રહેલી.
મારા વિધાન સામે કશું બોલેલો નહિ તું,
દર વખતની જેમ જ.
પણ મને ખબર છે કે
સવારની ચા પીતાં પીતાં કે
ઑફિસે જતાં, ટેબલ સરખું ગોઠવવાને બહાને
મારી ચોપડીઓને
તું સ્પર્શી લેવાનો.

೦ ઇંદુ જોશી

હું

હું
આમ તો સ્થિર મકાન જેવી
જેમાં બારી-બારણાં હોય,
હવાની અવર જવર માટે
અગાસી પણ હોય,
અને મોટું કમ્પાઉંડ પણ હોય,
મોગરા, બારમાસી, ચંપો તો ખરા
પણ ગુલાબ નહિ.
ગુલાબ શા માટે નહિ
એવું કારણ ન પૂછો.
બસ ગુલાબ ન હોય.
હું
નદીના પુલ જેવી ક્યારેક
વાહનો પસાર થયાં કરે દિવસ-રાત,
પણ પાણીના મોજાંનો અવાજ
ટકાવી રાખે મને.
આ છેડેથી બીજે છેડે
હું
ક્યારેક ચગડોળ જેવી
ગોળ ગોળ ફર્યાં કરતી હોઉં
અને જ્યાંથી શરૂઆત કરી ત્યાં જ
પાછી આવીને ઊભી હોઉં
હું
ઘડિયાળના બે કાંટાઓને જોડતું મધ્યબિંદુ,
હું ત્યાં જ હોઉં
સ્થિર.
હું
મદારીની બીનથી નાચતા સાપ જેવી,
મદારી છાબડી ઉઘાડે
તરત ડોકું બહાર કાઢી
બીન વાગે એ પહેલાં જ
ડોલવા માંડતી હોઉં
ભયભીત.
હું
કોયડા જેવી ક્યારેક –
બધાં મારી સામે પ્રશ્નાર્થભાવથી
જોયાં કરતાં હોય,
વિચાર કર્યાં કરતાં અને
મૂંઝવણભર્યું જોતાં,
પ્રયત્ન કરતાં હોય
મને ઉકેલવાનો.
મકાન, નદીનો પુલ, ચગડોળ,
ઘડિયાળનું મધ્યબિંદુ, મદારી, કોયડો –
બધું હું જ
અને છતાંય
હું
આમાનું કશું જ નહિ.

೦ ઇંદુ જોશી





૦ ગીત

સખી, આંધણમાં ઓરું આકાશ
ચૂલામાં લાકડાંને બદલે ઠેલું છું હવે, વિખરાતો મારો વિશ્વાસ

ઢોલિયાની પાંગતને તાંણવા બેસુ તો મારાં, ક્યાંયે તણાઈ જતાં સપનાં
રુંવાટી સોંસરવી ઊભી થઈ જાય, એવી કોઈ નથી બનતી રે ઘટના
આખુંય ઘર જુએ, એમ હવે ભેળવું છું લીંપણમાં કુંવારા શ્વાસ

ગામના તો ઠીક, નથી જીરવાતા બાયજીની નજરુંના મોઘમ સંકેત
ઘરપતના દેવ સખી, કેમ કરી રીઝવું..! જ્યાં શ્રીફળમાં નીકળે છે રેત
તુલસીના ક્યારામાં સૂરજ વાવીને રોજ સીંચું છું મારો અજવાસ

૦ વંચિત કુકમાવાલા





૦ ગઝલ

જેમની આંખો જ છલકાતી નથી.
જિંદગી એને   જ સમજાતી   નથી.

હૂંફ   પામે છે   સૂરજની અનવરત,
આ ધરા કંઈ એમ મલકાતી નથી.

થઈ   ગયું છે   રોગ   જેવું   વિશ્વને,
જાણે કે ઋતુઓ જ બદલાતી નથી.

સાવ સૂકું ને જરઠ સૌનું વલણ,
ક્યાંય પણ કુમળાશ વરતાતી નથી.

લોકહૈયાને   જગાડે   ઊંઘથી,
એવી તો ગઝલોય સરજાતી નથી.

૦ જિતુ પુરોહિત

૦ માફ કરજો પૂર્વજો !





સોનાની ચકલી મરી ગઈ, માફ કરજો પૂર્વજો,
હૈયેથી લીલોતરી ગઈ, માફ કરજો પૂર્વજો !

આર્ષદૃષ્ટાઓએ લીધા કેટલા અવતાર, પણ
અંધશ્રદ્ધા ઘર કરી ગઈ, માફ કરજો પૂર્વજો !

સ્રોતને ભૂલી, પડ્યા પેદાશની પાછળ સદા,
બુદ્ધિ રસ્તો ચાતરી ગઈ, માફ કરજો પૂર્વજો !

માત્ર એક નામે તરાવ્યા પથ્થરો જળ પર તમે,
પણ હવે એ ખાતરી ગઈ, માફ કરજો પૂર્વજો !

હાથમાં નકશો થમાવી, માર્ગ ચીંધ્યો નાવ દઈ,
પણ દિશા-દૃષ્ટિ ફરી ગઈ, માફ કરજો પૂર્વજો !


૦ મેહુલ એ. ભટ્ટ



૦ ખાલીપા સાથે પ્રેમ

ટેબલ પર ડાયરીમાં પોતે ઢોળાયો છે શાહી વિનાની કોઈ ઇન્ક-પેન જેમ
ફોટો વિનાની ફ્રેમ રાખીને કે' છે કે ખાલીપા સાથે મને થઈ ગ્યો છે પ્રેમ

ભીંતેથી પોસ્ટર્સ ઉતાર્યાંના અવસરને આજ જાણે થઈ ગયું એક વર્ષ પૂરું
પંખી વિનાનું આભ ઊગે છે આંખમાં ને તોય એતો લાગે છે મીઠું-મધુરું
મારા ને ઓરડામાં રોજ રોજ "કાંઈ નહીં" ફૂટ્યા કરે છે હવે કૂંપળની જેમ



ટેબલ પર ડાયરીમાં પોતે ઢોળાયો છે શાહી વિનાની કોઈ ઇન્ક-પેન જેમ
ફોટો વિનાની ફ્રેમ રાખીને કે' છે કે ખાલીપા સાથે મને થઈ ગ્યો છે પ્રેમ

કાળો ઉજાસ હવે મ્હેંકીલો લાગે છે : હાથોમાં નથી પત્ર લખવાનો થાક
ઊંડી કોઈ વાવ જેમ ઊતર્યા કરે છે હવે ધીરે ધીરે " સઘળુંયે સમજ્યા"નો થાક
'ખાલી થવું'ય એક ડિગ્રી તો છે જ તને સમજાવું તોય વાત સમજાવું કેમ?
ટેબલ પર ડાયરીમાં પોતે ઢોળાયો છે શાહી વિનાની કોઈ ઇન્ક-પેન જેમ
ફોટો વિનાની ફ્રેમ રાખીને કે' છે કે ખાલીપા સાથે મને થઈ ગ્યો છે પ્રેમ


૦ જિગર જોષી 'પ્રેમ'

૦ ઈરાકી કવિતા

કવિ યુસુફ અલ-સાયેધ

અનુવાદ : હરીશ મીનાશ્રુ

(મનોજ પટેલના હિન્દી અનુવાદના આધારે)



(યુસુફ અલ-સાયેધ અરબી ભાષાના ઈરાકી કવિ છે, એમનો જન્મ ૧૯૩૨માં થયો હતો. બગદાદ વિશ્વવિદ્યાલયમાંથી અરબી ભાષામાં એમ. એ. કર્યા બાદ વિભિન્ન કોલેજોમાં અધ્યાપન કર્યું. કવિતા ઉપરાંત નવલિકા, નાટક, નિબંધ આદિ પણ લખે છે, જેના અત્યાર સુધી ૧૪ જેટલા ગ્રંથો પ્રકાશિત થઈ ચૂક્યા છે. ઉપનિવેશવાદ અને મધ્યપૂર્વમાં પશ્ચિમી સત્તાઓના હસ્તક્ષેપ વિરૂદ્ધ લગાતાર સંઘર્ષશીલ છે. દેખીતી રીતે જ એ પ્રતિયુદ્ધકાવ્યોના કવિ છે.)

૧

એક ઈરાકી સાંજ

એક ઈરાકી સાંજે
યુદ્ધભૂમિનાં થોડાં દૃશ્યો :
એક શાંતિપ્રિય ઘર
બે છોકરા પોતાનું લેસન કરતા
એક નાનકડી બાળકી
અન્યમનસ્કપણે કૈંક અજીબ ચિતરામણ કરતી
-તાજા સમાચાર બસ થોડી વારમાં.
એકકાન થઈ જાય છે આખું ઘર
દસ ઈરાકી આંખો ચોંટી જાય ટેલિવિઝનના પરદા પર
એક દહેશતભરી ખામોશીમાં.
અલગ અલગ પ્રકારની ગંધ ભળવા માંડે એકબીજાંમાં :
યુદ્ધની ગંધ
અને ગંધ તાજી શેકાતી રોટલીની.
માની નજર ઊંચકાય છે દીવાલ પર લટકતી તસવીર તરફ
અને બબડે છે-
ખુદા હિફાઝત કરે તમારી
ને રાંધવાનું શરૂ કરે છે
ચુપચાપ
અને એના દિમાગમાં સાવધાનીપૂર્વક પસંદ કરેલાં
યુદ્ધભૂમિની પારનાં દૃશ્યો ચાલવા માંડે છે
આશાના પક્ષમાં.

૨

આદત

દરરોજ ઘેર પાછા ફરીને
હું આ ઘંટડી વગાડ્યા કરતો હતો.
જે હવે ચૂપ છે.
જો કે મને ખબર છે કે ઘેર કોઇ કહેતાં કોઈ નથી
તોય હું એને વગાડું છું
કેમ કે
વર્ષોથી કોઇએ નથી વગાડી
આ બાપડી, અભાગી ઘંટડીને.



3

દુ:સ્વપ્ન

બહુ ઘનીભૂત હતું
દુ:સ્વપ્ન આજ રાતનું:
ભોજનનું એક મેજ
શરાબની એક બોટલ
ત્રણ ગિલાસ
ને ત્રણ માણસો, માથા વગરના.

० Game



I thought we were playing a game
in a forest that day.
I ran as my mother chased me.

But she’d been stung by a bee.
Or bitten by a snake.
She shouted my name, which

even as a child I knew was not
“Stop. Please. I’m dying.”

I ran deeper
into the bright black trees
happily
as she chased me: How

lovely the little bits and pieces.
The fingernails, the teeth. Even
the bombed cathedrals
being built inside of me.

How sweet
the eye socket. The spine. The
curious, distant possibility that God
had given courage
to human beings
that we might
suffer a little longer.

And by the time

I was willing to admit that
all along
all along
I’d known it was no game

I was a grown woman, turning
back, too late.

० Laura Kasischke

० રમત



મને તો એમ જ લાગેલું
કે અમેં રમત રમી રહ્યાં હતાં
જંગલમાં તે દિવસે.
હું દોડી ,મરી પાછળ મારી મા દોડી.

પણ તેને મધમાખીએ આંતરી
કે સરપ કરડી ગયો
તણે મારા નામની બૂમ પાડી.
હું સાવ બાળક હતી તોપણ મને ખ્યાલ છે
કે તેણે “રોકાઈ જા.. હું મરી રહી છું“
-એમ ન્હોતું કહ્યું.

હું કાળાં ડિબાંગ વૃક્ષોમાં
ઊંડે ઊંડે દોડી ગઈ હરખે
મારી મા મારી પાછળ દોડી આવી.

કેવાં વ્હાલુડાં કટકા બટકાં
આંગળીના નખ ,દાંત.
જાણે એક બૉંબથી વિશીર્ણ દેવળ જ ચણાઈ રહ્યું હતું
મારામાં.
કેવા મીઠડા
આંખના ખાડા. કરોડરજ્જુ.

ઊંડે ઊંડેથી એવું લાગે કે
ઈશ્વરે માણસજાતને હામ બાંધી આપી
કે આપણે વધુ પીડા સહન કરીએ.

અને તે દરમ્યાનમાં

હુ એ સ્વીકારવા તૈયાર જ હતી કે
પળેપળ
પળેપળ
મને જાણ હતી
કે આ રમત ન્હોતી.

પાછી ફરી ત્યારે
ઘણું મોડું થઈ ગયું હતું
હું એક પુખ્ત સ્ત્રી બની ચૂકી હતી.

० લોરા કઝિસ્કી **અનુ. યોગેશ વૈદ્ય**

o દરિયા

દરિયા ઓરા આવી વળગે
દરિયા આઘે આઘે ભાગે
દરિયા પગની પાની ચાટે
દરિયા ખેંચી-તાણી જાયે.

દરિયા કાલું કાલું ઘૂઘવે
દરિયા દરિયા જેવું ઘૂરકે
દરિયા ભમરા કાને ગુંજે
દરિયા ડકાર મોટા ખાયે.

દરિયા રેતીમાં આળોટે
દરિયા ભીંત બને ને તૂટે
દરિયા તોડે પથ્થર મોટા
દરિયા રેત પાથરે ઝીણી

દરિયા કહાન સરીખા કાળા
દરિયા આભ જેવડા નીલા
દરિયા ખાબોચિયે જઈ સોવે
દરિયા સરવર થઈને ઘોરે.

દરિયા વૈશાખે ઝગમગતા
દરિયા આયના શા તગતા
દરિયા પરકાશે પછડાતા
દરિયા ઢૂવે ચડી લસરતા.

દરિયા ખુલ્લંખુલ્લા નીલા
દરિયા સાવ લઘરા-મેલા
દરિયા ભરઉનાળે શીળા
દરિયા પોષ-માઘે ઊના.

દરિયા ફર્‌ર્‌ર્‌ દઈને ઊડતા
દરિયા ગલ-વાયસે સરતા
દરિયા કલકલિયે કલકલતા
દરિયા ખંજન-પૂંછ થરકતા.

દરિયા બાજ-પંખ તરવરતા
દરિયા સમડી-નેન ઝડપાતા
દરિયા અબાલીએ ઘુમરાતા
દરિયા ટીટોડી થઈ રડતા.

દરિયા કચ્છ-પપેટ સરકતા
દરિયા સાપ લાંબા-લીસા
દરિયા કરચલે દડબડતા
દરિયા ડોબલા -સમશાન

દરિયા સૂરજ ભેગા ઊગતા
દરિયા સૂરજમાં આથમતા
દરિયા બીજ-ટોડલે ઝૂકતા
દરિયા રાત તારલે ઘૂમતા.

દરિયા શુક્ર-તારકે ઝગતા
દરિયા વાદળ-નાવે તરતા
દરિયા પૂનમે નાગા નહાતા
દરિયા આકાશગંગામાં ડૂબતા.

દરિયા મારુતે ઊંચકાતા
દરિયા વાદળે જઈ ઠરતા
દરિયા ડુંગરને અથડાતા
દરિયા દરિયે વહીને શમતા.


દરિયા મેઘધનુ ઊંચકતા
દરિયા વેજ-ચાબખા ખાતા
દરિયા ચોમાસું ગજવતા
દરિયા ભીના ડિલે ફરતા

દરિયા જીવતાં શમણે રમજો
દરિયા મરતાં પડખે સૂજો
દરિયા ભવભવના અમ સાથી
દરિયા અમને વહાલા વહાલા.

o અશ્વિન મહેતા

પરબ - ૨૦૦૫માંથી સાભાર
સૌજન્ય - શ્રી દીપક દોશી

શ્રદ્ધાંજલિ



અશ્વિન મહેતા
૧૭- ૭-૧૯૩૧ – ૨૬-૭-૨૦૧૪

આ વિખ્યાત ફોટોગ્રાફરે થોડાં સુંદર કાવ્યો પણ લખ્યાં છે. તેમાંનું એક અહીં સંભારણાં રૂપે.

o પીયૂષ ઠક્કર





જ્યોત્સ્ના મિલન (૧૯ જૂલાઈ ૧૯૪૧ – ૩ મે ૨૦૧૪)

કવયિત્રી, વાર્તાકાર, નવલકથાકાર, નિબંધકાર, અનુવાદક, અને સંપાદક

ગુજરાતી સાહિત્યને ઉત્તમ અનુવાદોમાં અન્ય ભાષામાં લઈ જનારા અનુવાદકોની સંખ્યા આંગળીને વેઢે ગણી શકાય એટલી જ છે. જ્યોત્સ્ના મિલન એમાંનાં એક. હિન્દી ભાષામાંથી ગુજરાતી ભાષામાં ઉત્તમ કૃતિઓ લઈ આવવાનું કામ તો એમણે કર્યું જ; બલ્કે એ સાથે ગુજરાતીમાંથી હિન્દીમાં ઉત્તમ સાહિત્યકૃતિઓ લઈ જવાનું પડકારરૂપ કાર્ય પણ એમના હાથે થયું. આધુનિક ગુજરાતી કવિતાના પ્રયોગશીલ કવિઓમાંના મુખ્યત્વે સિતાંશુ યશશ્ચન્દ્ર, લાભશંકર ઠાકર, ગુલામ મોહમ્મદ શેખનાં કાવ્યોને મૂળ ભાષાની તાસીર સાથે હિન્દીમાં મૂકી આપવાનું એમણે પ્રશંસનીય સાહસ કર્યું છે.

જ્યોત્સ્નાબહેનને બન્ને ભાષા હાથવગી. યુવાન વયે કવિશ્રી રાજેન્દ્ર શાહનો સંસર્ગ સાંપડેલો. લિપિની પ્રિન્ટરીમાં કાવ્યસર્જન–ભાવનની રુચિને સંસ્કાર મળ્યા. જ્યોત્સ્નાબહેન ગુજરાતી અને હિન્દી એમ બન્ને ભાષામાં વાર્તા લખતાં. ‘ગદ્યપર્વ’ના અંકોમાં એમની વાર્તાઓ વાંચવા મળશે. તેમની કેટલીક વાર્તાઓ નોખીભાત પાડતી વાર્તાઓના સંકલન–સંપાદન માં પણ સ્થાન પામી છે. એ માટે તાજેતરમાં પ્રકાશિત ‘ગદ્યપર્વ વાર્તાસંચય ભાગ ૩’ વાચકોએ જોવો રહ્યો.

ઈલાબહેન ભટ્ટની ‘સેવા’ પ્રવૃતિ સાથે તેઓ જીવન પર્યંત જોડાયેલાં રહ્યાં. દાયકાઓથી ‘સેવા’ના મુખપત્ર ‘ અનસૂયા’ની હિન્દી આવૃત્તિના તેઓ સંપાદક હતાં. મુખપત્રની સાદગી અને પ્રાસંગિકતા બન્ને હૈયે વસી જાય એવાં. ઘણીવાર સામાજિક પ્રતિબદ્ધતાની જોહુકમી કોરી ને કડવી થઈ પડતી હોય છે. જ્યારે ‘અનસૂયા’ના પ્રત્યેક અંકમાં પ્રતિબદ્ધતા અને સુરુચિનો અપૂર્વ સુમેળ જોવા મળે છે; એનું શ્રેય જ્યોત્સ્નાબહેનને આપવું ઘટે.

બીજી એક અદકી ઓળખ તે ‘૬૫ કાવ્યો’ જેવા સ્મરણીય કાવ્ય–સંગ્રહના રચયિતા સદગત શ્રી પવનકુમાર જૈન(૧૯૪૭–૨૦૧૩) – ના તેઓ મોટાં બહેન હતાં. તારીખ ૩ મે ૨૦૧૪ના રોજ જ્યોત્સ્નાબહેનનું આકસ્મિક નિધન થયું. એમનાં કેટલાંક કાવ્યોના અનુવાદ દ્વારા એમની સ્મૃતિને ગુજરાતી ભાવક લેખે આપણી ભાવભીની અંજલી.

જ્યોત્સ્ના મિલન પોતાના લેખન વિશે :

રमेश दवे: क्या आपको अपने लेखक होने या अपने लेखन से ऐसा कुछ मिला जिसे आप अपनी उपलब्धि कह सके?

ज्योत्स्ना मिलन: शब्द ही मेरे निकट सब कुछ है. अगर ईश्वर नामक कोई शै है तो उसे भी शब्द में ही प्रकट होना पड़ सकता है और मुक्ति भी अगर मिलनी है तो शब्द में ही मिल सकती है. शब्द के परे भी शब्द ही ले जा सकता है क्योंकि शब्द अपने से परे के शून्य से ही तो उपजा था.

लिखने से सही माने में शब्द में रमने का मौका जब तब मिला रहता है. जीवन भी शब्दों में अपनी तमाम सघनता और वैविध्य के साथ तभी स्पंदित हो पाता है जब हमारा उनसे तादात्म्य हो पाता है. जीवन में जो कुछ करने लायक और अर्थपूर्ण लगा वह लिखना ही था. न लिख पाने के दिन इस अर्थ में बूरे दिन होते हैं कि शब्दों की दुनिया के चलते जीवन में, जीवन की हर चीज़ में जो रस बना रहता है वह नहीं के बराबर हो जाता है. जीवन बेगार की तरह असहनीय लगने लगता है. थोड़ा थोड़ा भी लिखा जाता रहता है तो जितनी भी बेगार करनी पड़े खुशी खुशी की जा सकती है. संभवतः यही हो मेरे लिखने का अभिप्राय.

(સંપાદક – વિવેચક શ્રી રમેશ દવેએ લીધલી મુલાકાતનો એક અંશ. સૌજન્ય: ‘સમાવર્તન’ જુલાઈ ૨૦૦૯)

જ્યોત્સ્ના મિલનની કવિતા વિશે એક નોંધ: અશોક વાજપેયી

ज्योत्स्ना मिलन की कविताएँ आस-पास की ज़िंदगी, साधारण रोज़मर्रा की गतिविधियों और चरित्रों के इर्द-गिर्द रची गई है। पर उनका रचाव उन्हें ऐसी अर्थाभा से भर देता है, बल्कि उनमें ऐसे अर्थ और आशय खोजकर साक्षात् कर देता है, कि वे अनायास ही अपनी साधारणता का अतिक्रमण कर जाते हैं। हमारे समय में जिस सहज मानवीयता, संवेदनात्मक सजगता और शब्दसंयम की उपस्थिति क्षीणतर होती गई है उन्हें कविता के भूगोल में लाकर ज्योत्स्ना मिलन ऐसा आत्मीय स्पंदन विन्यस्त करती है कि हम कई बार चकित होते हैं, अक्सर विभोर और कृतज्ञ भी। हम हर समय छोटे-छोटे ब्यौरों से घिरे हैं: यह कविता उन्हें ध्यान से देख-सँवारकर हमें अपनी निपट दैनंदिनता में सार्थक और मानवीय अनुभव करने की शक्ति देती है। ऐसी कविता, सारी चकाचौंध और शोरोगुल के बावजूद, हिंदी में कम ही है।

o સાઇકલ-ચાલક અને સ્ત્રી

સાઇકલ-ચાલકની પાછળ
હવામાં પગ ઉછાળતી
બેઠેલી સ્ત્રીના
હોવાની જાણ
જરૂરી નથી કે
સાઇકલ-ચાલકને હોય જ

હવામાં પગ ઉછાળી
એમ તે આ સ્ત્રી બેઠી છે
જાણે હવા એને ઉડાડી રહી હોય

ખરતાં ખરતાં
ઘડીક રોકાયેલા પાંદડાની જેમ
અટકી હતી સ્ત્રી
આપમેળે
સાઇકલના કૅરિયર પર

એના થોભવાની જેમ જ
ગમે ત્યારે શરૂ થઈ શકત
(ખરતાં ખરતાં) એના
ઊડવાની
કે પછી ઊડતાં ઊડતાં એના ખરવાની પ્રક્રિયા..

o ઊડતાં - ઊડતાં

સિસોટીની જેમ બજતી બજતી
ઊડી રહી છે દેવચકલી
ઊડતી ઊડતી
એ તે જરા વાર બેઠી લીમડે
ને લીમડો તે બજી ઊઠ્યો

વળી તે રોકાઈ પડી આંબે
ને આંબોય તે બજી ઊઠ્યો

એક પછી એક
જાતભાતના ઝાડવે રોકાતી ને ઘડીક
બેસતી
ઊડતી ચાલી જો આ દેવચકલી
ને શહેરભરનાં ઝાડવાં મંડ્યા બજવા
સિસોટીની જેમ...

૦ હવા:ઝાડ

૧.

સામે
હવા હતી
દેખાડતી ઝાડ
કે જુઓ આ ઝાડ છે
આવું
હોય છે ઝાડ

૨.

ખડ..ખડ ..ખડ ..ખડ ..
અચાનક
લીલવર્ણા હાસ્યે ભીંજાઈ ગયો
ઓરડો
ચોંકી પડી
બહાર ડોકિયું કર્યું
હવા ઝાડને
ગલગલિયાં કરતી હતી
ને ઝાડ તે
ખડખડાટ હસતું હતું.

૩.

થોભી
ઝાડ પાસે હું

હવા
ડાળખી ઝાલીને
ઝૂલતી હતી
હવામાં

૪.

ઝાડને
બોલતાં શીખવતી હતી હવા
બોલો 'આ'
બોલો 'કા'
બોલો 'શ'...

ઝાડ
પાછળ પાછળ બોલતું હતું

વાત
હવાની હતી
ઝાડ કહેતું હતું

૫.

સતત દોડ્યાં પછી
ઝાડની ટેકણે
થાક ખાતી થોભી હતી
હવા

ને ઝાડ તે એને
એકટક
જોતું હતું.

૦ રાત

સૌથી પહેલાં
શરૂ થાય માનો દિવસ
મોંસૂઝણે
ને સૌનો દિવસ આથમ્યા પછી પણ
ચાલતો રહે

નિયમસર
ટૂંકી હોય છે માની રાત
ને દિવસ હોય છે
લાંબા
રાતમાં ઊંડે ઊંડે ખૂંપેલા

આને તે કોઈ
દિવસની ઘૂસણખોરી નથી ગણતું
માની રાતમાં

ટૂંટિયું વાળીને
રોજ સૂએ
ગમે - એમ મા
બાકી બચેલી રાતમાં

પગ લંબાવી શકાય એટલી પણ
લાંબી નથી હોતી
માની રાત!

૦ એ રીતે

પથારીએથી ઊઠતાં તે
પાછાં વળતા લગ
આજે મળી હતી
મિત્રા, બંટ્ટ, કસ્તુરીબાઈ, મૂખર્જી સાહેબ અને શશીને
ના ના શશીની બહેનપણીને
બસમાંથી ઊતરતી વખતે
નીચે ઊભી એણે
હરખઘેલાં પકડી લીધો'તો એનો હાથ
તું શશી છે ને?
ના એ શશી ન હતી
જોકે શશી હોવા બાબત
એ ના ન પાડી શકી.

જે કોઈ લોકોને મળી
એમાંના
કેટલાક ને ઓળખી શકી
કેટલાકની માત્ર નોંધ લીધી
જેમ કે પેલો હેબતાયેલો છોકરો
ક્યાં હતો એ?
ઓફિસમાં ? કો'ક ફિલ્મમાં ?
પોસ્ટરમાં ?
એટલો બધો તો એ હેબતાયેલો હતો
કે જગા
કે એ જ્યાં હતો
લપાઈ ગઈ હતી એની પાછળ.

શાક લેવા મોહલ્લામાં નીકળેલી
કેટલાય દિવસે સાંભળીતી
કાલુની હાક
મોંઘું પણ, એ તાજું શાક આપતો
વળી સોગાતમાં જાણે આપતો
થોડાંએક કોથમીર-મર્ચાં
અરે! ક્યાં હતાં તમે આટલા દિવસ?
એણે ઉમળકાથી પૂછેલું
સાંધાના દરદની એને પીડા રહેતી
સહેજ શરમાતા ફરીને એ શાક તોલવા લાગેલો
મોહલ્લો ઘણો મોટો
ને કાલુ
પોતાના ઘરથી વધારે
મોહલ્લામાં જ રહેતો
હજુ તો એ તીસથી તે વધારેનો નહીં હોય

નિયમ મુજબના કામ થયાં નિયમસર
એક પણ બાકી ન્હોતું રહ્યું
ઝાડ પાસે બેસીને શાક સમારેલું
સમારતા સમારતાં ચ્હા પીધેલી
નક્કી ન્હોતી કરી શકી
કે ઝાડ વધુ ખોવાયું છે કે એ પોતે
અગાસી પર ગઈ હતી
દિવસો પછી ચાખ્યો તડકાનો સ્વાદ
ઓફિસે ગઈ
પોતાના નામે આવતા મરાઠી છાપામાંથી
ચાર-પાંચ શીર્ષકો વાંચ્યાં
એકાદ નાનકડા સમાચાર જરાક વિસ્તારથીય
જોયા
એમ કરતાં એણે મરાઠીનો અભ્યાસ કર્યો


ત્રણ પત્રો લખ્યા
સરકારને આવેદન મોકલ્યું
દિવસભરનાં કામોની યાદી
મિત્રાને સંભળાવતાં
જ્યાં સ્હેજ લંબાવ્યું કે થાક વર્તાયો

પથારીએ પાછાં વળતાં
રહી ગઈ પાછળ
હંમેશની જેમ જ
પોતાનાથી બે ડગલાં દૂર

એમ
માઇલો દૂર ચાલી ગઈ પોતાનાથી
બીજા કોક લોકમાં જવાની જેમ જ.

(ઋણસ્વીકાર: મારી આ અનુવાદની કોઢના બે પ્રહરીઓ-સાથીઓનો આભારી છું: કવિ-સંપાદક યોગેશ વૈદ્ય અને મારા પત્ની બીજલ ઠક્કર)

શ્રદ્ધાંજલિ



મૃગેશ શાહ

૯-૦૭-૧૯૭૮ ૫-૦૬-૨૦૧૪



ગ્લાદીશ હોઝ
(Gwladys Rose)

૦ આ અંકના ફોટો-કલાકાર

૩૬ વર્ષીય ફ્રેંચ યુવા ફોટો-કલાકાર ગ્લાદીશ હોઝ (Gwladys Rose) ફ્રાંસના સમુદ્રીય ગામ રેન્નુમાં રહે છે. બાળપણમાં તે ખેદોન્માદ વાળી મન:સ્થિતિમાં રહ્યાં. આથી વિદ્યાર્થીકાળમાં સ્વાભાવિક રીતે જ તેઓ સાહિત્ય અને કળાના કલ્પનાવાદ તરફ ઢળ્યા. અમાપ સૃષ્ટિ અને એકલાં અટૂલાં માણસના સંબંધે તેમને પ્રભાવિત કર્યાં. પોતાના સ્વપ્નના રહસ્યમય સવાલોથી દોરવાયા. આ શોધયાત્રા તેમને ચિત્રકળા અને દૃશ્ય-કળામાં રહેલા અતિવાસ્તવવાદ અને કલ્પનાવાદ સુધી લઈ ગઈ. અને શરૂ થયું તસ્વીરોનું પુન: સંસ્કરણ.

તેઓ ઝ્લીદાઉ બેક્સ્કિનસ્કિ, લુરે લિપ્ટન, મેગ્રીટ, મોન્સુ ડેસીડેરિયો, ગુસ્તાવ મોહુ વગેરે કલાકારોથી પ્રભાવિત છે. પોતાના વિદેશ પ્રવાસ દરમ્યાન લેવાયેલ તસ્વીરોનું અતિવાસ્તવવાદી રૂપાંતરણ કરી રહ્યાં છે. તેમની કેફિયત પ્રમાણે ફોટોકલા દ્વારા તેઓ થોડી ક્ષણો માટે પણ વાસ્તવથી દૂર ભાગી શકે છે. તેમના અતિવાસ્તવવાદ પરના ફોટો-પ્રદર્શનો યોજાયાં છે. તમણે ઘણાં પારિતોષિકો પણ પ્રાપ્ત કર્યાં છે.

તેમનું કામ તેમની વેબસાઈટ www.gwladysrose.com અને ફેઈસબુક પેઈજ https://www.facebook.com/GwladysRosePhotomanipulations?ref=hl પર ઉપલબ્ધ છે.

– સાહિત્યવૃત્ત –

o કવિ રઈશ મનીઆરનું કાવ્યપઠન સોમનાથ ખાતે તા. ૨૧-૦૬-૨૦૧૪ના રોજ રોટરી ક્લબ ઑફ વેરાવળ અને સિટિઝન કાઉન્સિલ ઑફ વેરાવળ દ્વારા યોજાયું. કવિ-પરિચય સાથે ભૂમિકા યોગેશ વૈદ્યે બાંધી.

o 'કચ્છમિત્ર'ના સલાહકાર તંત્રી શ્રી કીર્તિભાઈ ખત્રીના પત્રકારત્વ પરનાં ૯ પુસ્તકોની શ્રેણી 'કલમ કાંતે કચ્છ'નું વિમોચન તા. ૨૨/૦૬/૨૦૧૪ના રોજ ભુજ ખાતે યોજાયું. આ પ્રસંગે સર્વશ્રી ઝવેરીલાલ સોનેજી, દામજીભાઈ એન્કરવાલા, બ્રિજેશકુમાર સિંઘ, શાંતિલાલ મેકોની, ડૉ.દર્શનાબહેન ધોળકિયા, રમીલાબહેન મહેતા, ગોરધન પટેલ 'કવિ', માવજીભાઈ બારૈયા તથા માણેકલાલ પટેલની વિશેષ ઉપસ્થિતિ હતી.

(આપની આસપાસ બનતી સાહિત્યિક ઘટનાઓને ઝીલવા 'નિસ્યંદન' ઉત્સુક છે.)

o આપના પ્રતિસાદ......

o એક જ વિષય અને તે પણ 'ઑફિસ' જેવો પર, આટલાં બધાં કાવ્યોને ભેગાં કરી આપે ત્યારે સર્જકો અને સંપાદકને સહેજે અભિનંદવા મન થાય. સુંદર સંગ્રહ છે. સામયિક મને મળતું રહે છે. આ અંકે આટલું લખવા પ્રેર્યો. તમને અભિનંદન સાથે તમારા સૌનો આભાર. - જુગલકિશોર વ્યાસ.

o આ વખતે આ 'ઑફિસ અંક' વધારે રસથી જોયો કારણ કે હુંય કયારેક ઑફિસનું પંખી હતો. ઉત્તમ અંક બની આવ્યો છે. અનેક રચનાઓ ગમી પણ નટવર ગાંધીની વિશેષ ગમી.- રજનીકુમાર પંડ્યા

o Thank you for wonderful treat. The design is apt , the subject is relative. **-Manoj Shah**

o સુપર્બ અંક થયો છે યોગેશભાઈ... મારે પણ આ અંક માટે 'ઑફિસ-કાવ્ય' લખવું'તું પણ મોડી પડી...
ચાલો... બધાંએ સરસ કાવ્યો આપ્યાં છે.. તમારો અનુવાદ અને આસ્વાદ પણ એટલાં જ ગમ્યાં... અભિનંદન..- લતા હિરાણી


o મુકેશ જોષીનું ગીત - ક્યાંક ચાલે છે ઑફિસ કિરતારની ... અફલાતૂન... નવીન ભાત પાડતો આ ઑફિસ-કાવ્ય અંક ગમ્યો - દક્ષેશ કોન્ટ્રાક્ટર

o 'નિસ્યંદન'નો ઑફિસ કાવ્ય –વિશેષાંક લાજવાબ...ઑફિસ જેવો શુષ્ક વિષય પણ કેટલો રોચક અને સંવેદનોથી ભરપૂર બની ગયો...!!! સુંદર સંપાદન...મારી 'ઑફિસ બૅગ'ને 'નિસ્યંદન'માં સ્થાન મળ્યાનો પણ આનંદ...!! - હેમાંગ જોષી

o ઑફિસ કવિતા વિષેશાંક વાંચીને આનંદ થયો. નવીનતા. સુંદર સંકલન. અદ્ભુત ફોટોગ્રાફી..મન પ્રફુલ્લિત થઈ ગયું. મિત્રોને અચૂક જાણ કરવાની ફરજ બજાવીશ. - જીતેન્દ્ર પાધ

o બહુ જ સુંદર કામ થઈ રહ્યું છે... *hats off* તમને અને તમારી ટીમને - યોગેન્દુ જોષી

o એક વાત છે.. વેરાવળનો દરિયાકાંઠો તમારા જેવા મરજીવાને ઓળખે છે..પરખે છે ને એટલે જ સમુદ્રમંથનમાંથી એક ઉત્તમ વિષયને લઈને બહાર આવો છો...આપને ખૂબ ખૂબ અભિનંદન. - રશ્મીન મહેતા



મનુભાઈ પંચોલી 'દર્શક': નવલિકાકાર, નવલકથાકાર, ચિંતકવિવેચક-, નિબંધકાર, ચરિત્રકાર, નાટ્યકાર. (૧૫.૧૦.૧૯૧૪, ૨૯.૨.૨૦૦૧)

પંચોલી મનુભાઈ રાજારામ, 'દર્શક' : જન્મસ્થળ પંચાશિયા (જિ. સુરેન્દ્રનગર). પ્રાથમિક શિક્ષણ તીથવા-લુણસરમાં. માધ્યમિક શિક્ષણ વાંકાનેરમાં. ૧૯૩૨માં ભાવનગરની દક્ષિણામૂર્તિ સંસ્થામાં ગૃહપતિ તરીકે કારકિર્દીનો આરંભ. ૧૯૩૮ થી આંબલામાં ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળામાં અધ્યાપક અને ત્યારબાદ ૧૯૫૩ થી સણોસરામાં લોકભારતી ગ્રામવિદ્યાપીઠમાં અધ્યાપક. નિયામક અને મૅનેજિંગ ટ્રસ્ટી. ૧૯૪૮માં ભાવનગર રાજ્યના શિક્ષણપ્રધાન. ૧૯૬૭ થી ૧૯૭૧ સુધી ગુજરાત વિધાનસભાના સભ્ય અને ૧૯૭૦માં ગુજરાત રાજ્યના શિક્ષણમંત્રી. ૧૯૮૦ સુધી રાજ્ય શિક્ષણ સમિતિના સભ્ય. ભારતીય અને પાશ્ચાત્ય સાહિત્ય, ઇતિહાસ, દર્શન, રાજનીતિ અને ધર્મવિષયક ગ્રંથોનું વાંચન-મનન અને પરિશીલન. ટાગોરના સૌંદર્યબોધ અને ગાંધીજીના આચારબોધની ઊંડી અસર , ચિંતક, જાગૃત કેળવણીકાર. નિર્ભીક પત્રકાર અને પીઢ સમાજસેવક. ૧૯૬૪માં રણજિતરામ સુવર્ણચંદ્રક. ૧૯૭૫માં સાહિત્ય અકાદમી , દિલ્હીનો પુરસ્કાર. ૧૯૮૭માં 'ઝેર તો પીધાં છે જાણી જાણી' ને ભારતીય જ્ઞાનપીઠનો મૂર્તિદેવી પુરસ્કાર. ૧૯૮૨માં ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ.

'દર્શક'ની સર્જકપ્રતિભાનો સર્વોત્તમ આવિષ્કાર એમની નવલકથાઓમાં વિશેષ જોવા મળે છે. પ્રથમ નવલકથા 'બંદીઘર' (૧૯૩૫). ૧૮૫૭ના મુક્તિસંગ્રામની પશ્ચાદભૂમાં સર્જાયેલી નવલકથા 'બંધન અને મુક્તિ' (૧૯૩૯)માં ગાંધીયુગીન વાતાવરણ અને વિચારપ્રણાલીનો સ્પષ્ટ પ્રતિભાવ જોવાય છે. પરાધીન ભારતને સ્વાધીન પ્રજાતંત્રની પ્રેરણા આપતી નવલકથા 'દીપનિર્માણ' (૧૯૪૪) બે હજાર વર્ષ પહેલાંનાં ભારતનાં ગણરાજ્યો-ખાસ કરીને બ્રાહ્મણક, માલવ અને કઠના ઐતિહાસિક સંદર્ભોની સાથે એક મહાનિર્વાણની કથા ગૂંથી આપે છે. એમની બહુખ્યાત નવલકથા 'ઝેર તો પીધાં છે જાણી જાણી'- ભા. ૧, ૨, ૩ (૧૯૫૨, ૧૯૫૮, ૧૯૮૫) ઐતિહાસિક નથી, છતાં એનાં બહુવિધ પ્રતિભાશાળી પાત્રોના આંતરવિશ્વનું ઉદ્‌ઘાટન, તેમનો ભાવનાત્મક વિકાસ ઐતિહાસિક ઘટનાઓના સંદર્ભે થાય છે. 'સૉક્રેટિસ' (૧૯૭૪) મહત્ત્વકાંક્ષી ઐતિહાસિક નવલકથા હોવાની સાથે ઘટનાપ્રધાન, ભાવનાવાદી અને ચિંતનપ્રેરક નવલકથા છે. 'જલિયાંવાલા' (૧૯૩૪) એમની પ્રથમ નાટ્યકૃતિ છે. એકવીસ દ્રશ્યોમાં વહેંચાયેલા નાટક 'અઢારસો સત્તાવન' (૧૯૩૫)માં અહિંસક માનવીય અભિગમ અને ગાંધીયુગના ભાવનાવાદનું ગૌરવ થયું છે. નાટક 'પરિત્રાણ' (૧૯૬૭)માં સ્વધર્મના દેવતાનો મહિમા થયો છે. 'સોદો' અને 'હેલન' જેવાં બીજા વિશ્વયુદ્ધ દરમિયાન નાઝીવાદીઓના આંતકનો ભોગ બનેલી અને તેનો પ્રતિકાર કરનારી યહૂદી પ્રજાની વેદનાને આલેખતાં બે નાટકો સહિતનો નાટ્યસંગ્રહ 'અંતિમ અધ્યાય' (૧૯૮૩) હિટલર જેવા અમાનુષી સરમુખત્યારનો કરુણ અને નાટકીય અંજામ રજૂ કરે છે.'વાગીશ્વરીનાં કર્ણફૂલો' (૧૯૬૩) અને 'મંદારમાલા' (૧૯૮૫) એમની સાહિત્યિક વિચારસરણીને વ્યક્ત કરતા આસ્વાદલક્ષી વિવેચનગ્રંથો છે. 'ભેદની ભીંત્યુંને આજ મારે ભાંગવી' માં લોકભારતી વિદ્યાપીઠમાં આપેલાં પાંચ વ્યાખ્યાનો સમાવિષ્ટ છે. 'ગ્રીસ' : ભા.૧,૨ (૧૯૪૬) 'રોમ' (૧૯૪૬)ની ઇતિહાસ-કથાઓ પૈકીની કેટલીક ઘટનાઓને ટૂંકીવાર્તાના સ્વરૂપમાં એમણે રસપ્રદ રીતે રજૂ કરી છે. 'મંગળકથાઓ' (૧૯૫૬) અને 'માનવ કુળકથાઓ' (૧૯૫૬) પ્રસંગકથાઓના સંચયો છે.

'આપણો વારસો અને વૈભવ' (૧૯૫૩)માં, લેખક કહે છે તેમ અહીં જે ઇતિહાસ સામાન્ય રીતે ભણાવાય છે તેવો ઇતિહાસ નથી , બલકે રાજાઓ અને રાજકીય પરિસ્થિતિઓની સાથે આર્યાવર્તનો સાંસ્કૃતિક ઇતિહાસ આલેખાયો છે. 'ઇતિહાસ અને કેળવણી' (૧૯૭૩) પણ એમનું ઇતિહાસ વિશેનું પુસ્તક છે. 'બે વિચારધારા' (૧૯૪૫), 'લોકશાહી' (૧૯૭૩ (અને 'સૉક્રેટિસ- લોકશાહીના સંદર્ભમાં' (૧૯૮૨) એ એમની વિચારપ્રધાન રાજનીતિમીમાંસાની પુસ્તિકાઓ છે. 'નઈ તાલીમ અને નવવિધાન' (૧૯૫૭) તથા 'સર્વોદય અને્ શિક્ષણ' (૧૯૬૩) એમનાં શિક્ષણ-વિષયક પુસ્તકો છે. 'સૉક્રેટિસ' (૧૯૫૩), 'ત્રિવેણીતીર્થ' (૧૯૫૫), 'ભગવાન બુદ્ધ અને તેમનો ધર્મસંદેશ' (૧૯૫૬), 'નાનાભાઈ' (મૂ.મો.ભટ્ટ સાથે, ૧૯૬૧), 'ટૉલ્સ્ટોય' (૧૯૭૯) વગેરે એમનાં સરળ અને સુબોધ શૈલીમાં લખાયેલાં ચરિત્રાત્મક પુસ્તકો છે. 'ધર્મચક્ર-પ્રવર્તન' (૧૯૫૬), 'શાંતિના પાયા' (૧૯૬૩), 'અમૃતવલ્લરી' (૧૯૭૩), 'મહાભારતનો મર્મ' (૧૯૭૮), 'રામાયણનો મર્મ' (૧૯૮૩) વગેરે એમનાં ચિંતનાત્મક પુસ્તકો છે. 'મારી વાચનકથા' (૧૯૬૯) ઉત્તમ પુસ્તકોના સહવાસનો ઋણસ્વીકાર કરતી આપ-ઘડતરની કથા છે. તો, 'ચેતોવિસ્તારની યાત્રા' (૧૯૮૭)માં દર્શકે મૃદલાબહેનને લખેલા ભારતીય સંસ્કૃતિની ચર્ચા કરતા પત્રો છે. 'સદભિ : સંગ : ' (૧૯૮૯)માં ગ્રામ દક્ષિણામૂર્તિ લોકશાળા તથા ગ્રામ વિદ્યાપીઠ : સણોસરાની ઘડતર-કથા છે. (વિકીપીડિયામાંથી શ્રી નિરંજ વોરાના લખાણના આધારે)